રમતો ભમતો જાય, આજ માં નો ગરબો રમતો જાય, પવન ઝપાટા ખાય, આજ માં નો ગરબો રમતો જાય

તસવીર : સતીષ જાદવ

મહાકાળી મંદિર : ૧૮૩૭ની મહાઆગ અને ભોંયરામાં સચવાયેલું 300 વર્ષ જૂનું રહસ્ય!

વર્ષ ૧૮૩૭ની એ ગોઝારી ઘટના, જ્યારે ભીષણ આગમાં અડધું સુરત બળીને ખાખ થઈ રહ્યું હતું, ત્યારે ચારેકોર ફેલાયેલી જ્વાળાઓ વચ્ચે કેટલાંક શ્રદ્ધાળુઓ પોતાના જીવના જોખમે એક મૂર્તિને ધરતીના પેટાળમાં–એક ગુપ્ત ભોંયરામાં ઉતારી રહ્યા હતા. આ માત્ર એક પ્રતિમા નહોતી, પણ ત્રણ સદી જૂની એવી દૈવી આસ્થા હતી જેણે અગ્નિની લપટો સામે પણ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું.

આ ભક્તિગાથાની શરૂઆત આજથી આશરે 300 વર્ષ પહેલાં થઈ હતી. સુરતના જૂના દસ્તાવેજો મુજબ, પરમ ભક્ત આત્મારામ ભટ્ટ ગંભીર બીમારીમાં પટકાયા ત્યારે સાક્ષાત મહાકાળી માતાજીએ તેમને સ્વપ્નમાં દર્શન આપ્યા. માતાજીના આદેશથી સ્વસ્થ થયેલા આત્મારામે કેશુર ઘીઆના ખાંચામાં આબેહૂબ એ જ દિવ્ય સ્વરૂપની મૂર્તિ બનાવી. વિક્રમ સંવત ૧૭૭૧ના મહા સુદ છઠ્ઠના પવિત્ર સોમવારે તેમના પુત્ર બેચર ભટ્ટે તેની પ્રાણ-પ્રતિષ્ઠા કરી. ૧૮૩૭ના અગ્નિકાંડ બાદ જ્યારે પરિસ્થિતિ થાળે પડી, ત્યારે ભોંયરામાંથી મૂર્તિ સુરક્ષિત બહાર લાવી મંદિરનો ભવ્ય જીર્ણોદ્ધાર કરાયો. ગર્ભગૃહમાં જમણી બાજુ નરસિંહ ભગવાન અને ડાબી બાજુ સિરોહી માતાજી સાથે મહાકાળી માતાજી પુનઃ બિરાજમાન થયાં. આજે આત્મારામ ભટ્ટની દસમી પેઢી આ સેવાયજ્ઞ અખંડ ચલાવી રહી છે.

> આસ્થાનો આ પ્રવાહ માત્ર એક પરિવાર પૂરતો સીમિત ન રહ્યો. સુરતના ગૌરવવંતા કારીગર વર્ગો-નાગર બંધારા, કંસારા અને ભાવસાર પરિવારોની આ પરમ કુળદેવી બની.

આસ્થાનો આ પ્રવાહ માત્ર એક પરિવાર પૂરતો સીમિત ન રહ્યો. સુરતના ગૌરવવંતા કારીગર વર્ગો–નાગર બંધારા, કંસારા અને ભાવસાર પરિવારોની આ પરમ કુળદેવી બની. પ્રસિદ્ધ ભક્તરાજ અમીચંદ કાકા પોતાના રચેલા પ્રખ્યાત છંદો અંબાજી મંદિરમાં ગાતા પહેલાં માતાજીની અનુમતિ લેવા અહીં રજૂ કરતા, જે સુરતની નવરાત્રીઓમાં આજે પણ ગુંજે છે. અંબાજી રોડ પર અડીખમ ઊભેલું આ મંદિર સુરતના ધબકતા વારસાનું પ્રતીક છે. નવરાત્રી દરમિયાન અહીં ચોવીસે કલાક અવિરત દર્શનની વ્યવસ્થા સચવાય છે, જેથી કોઈ પણ દર્શનાર્થી વિમુખ ન ફરે. સુરતના ઐતિહાસિક અતીત અને અખંડ શ્રદ્ધાના સાક્ષી બનવા આ પાવન ધામની મુલાકાત દરેક સુરતી માટે એક અનોખો અનુભવ છે.

વિમ્મી વિષ્ણુ ચેવલી

ચેક રિટર્ન કેસમાં આરોપીને ૧ વર્ષની કેદ

સુરતઃ ચેક રિટર્ન કેસમાં કોર્ટે આરોપી હોની કિશોર દેસાઈને ૧ વર્ષની કેદની સજા કોર્ટે ફટકારી હતી. ફરિયાદી નિકુલ રમેશચંદ્ર શાહ (અડાજણ)એ મિત્રતાને નાતે આરોપી હોની દેસાઈને નવેમ્બર-૨૦૨૦માં રૂ.૪.૭૦ લાખ આપ્યા હતા. જે પેટે આરોપીએ આપેલો ચેક રિટર્ન થતાં ફરિયાદીએ એડવોકેટ સમાપ્તિ મહેતા મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસમાં કોર્ટે આરોપીને સજા કરી ચેકની રકમ વળતર તરીકે ચૂકવવાનો હુકમ કર્યો હતો.

ઠગાઈ કેસમાં શરતોનો ભંગ કરનાર વેપારીના આગોતરા રદ કરાયા

સુરતઃ ઈસ્મીતા ફેશનના પુરબારામ પુષ્પારામની સામે સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૪માં ગુનો નોંધાયો હતો. આરોપીએ ફરી આગોતરાં જામીન અરજી રજુ કરી હતી. સરકાર પક્ષે એપીપી રાજેશ ડોબરીયાએ આરોપીને કેટલીક શરતોને આધીન આગોતરા જામીન આપવામાં આવ્યા હતા. પોલીસ સ્ટેશનમાં નિયમિત હાજરી નહીં આપીને જામીનની શરતોનો ભંગ કરતાં અગાઉના આગોતરા જામીન રદ કરવાનો હુકમ કોર્ટે કર્યો હતો. આરોપી વિરુદ્ધ ત્રણ ગુના નોંધાયા હોય અરજી નામંજૂર કરવા રજુઆત કરી હતી. બંને પક્ષોની દલીલો અને કેસના રેકોર્ડને ધ્યાનમાં લીધા બાદ કોર્ટે ફરી આગોતરા જામીન આપવાનું યોગ્ય ન માનતાં અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

કાપડ વેપારીનો પ્રેમ પ્રકરણમાં ફાંસો ખાઈ આપઘાત

સુરતઃ મૂળ રાજસ્થાન ઉદયપુરના વતની અને હાલ પુણાગામ વિસ્તારમાં આવેલી સિદ્ધેશ્વર સોસાયટીમાં 30 વર્ષીય લહરસિંહ દલપતસિંહ કુમાવત ભાઈ સાથે રહેતો હતો અને ટેક્સટાઇલ માર્કેટમાં કાપડની દુકાન ચલાવતો હતો. આજે વહેલી સવારે લહરસિંહએ ઘરે પંખાના લોખંડના હુંક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં લહરસિંહે પ્રેમ પ્રકરણમાં આ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

કુખ્યાત 'મન્યા ડુક્કર'નું મહિલા પોલીસે સરઘસ કાઢ્યું

સુરતઃ સુરતમાં પાંચથી વધુ વિસ્તારોમાં લૂંટ, ખંડણી, ફાયરિંગ અને હત્યાની કોશિશ જેવા ગંભીર ગુનાઓ આચરી આતંક મચાવનાર કુખ્યાત ગેંગસ્ટર સાગર સોનવણે ઉર્ફે મન્યા ડુક્કર સામે ક્રાઇમ બ્રાન્યની મહિલા અધિકારીઓએ કડક કાર્યવાહી હાથ ધરી સરઘસ કાઢ્યું હતું. ક્રાઇમ બ્રાન્યના પી.આઈ. શિલ્પા સિંઘા અને પીએસઆઈ એન.ડી. મીરે સપાટો બોલાવ્યો હતો. મન્યા ડુક્કરનો રાજકોટ મધ્યસ્થ જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે કબ્જો મેળવ્યો હતો. ત્યારબાદ આરોપીને તેના જ વિસ્તારમાં લઈ જઈ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું. જે ગલીઓમાં નાગરિકોને ડરાવતો હતો, તે જ શેરીઓમાં ખાખીના કડક પહેરા વચ્ચે તેને નીચી નજરે ચાલતો જોઈ સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

મોટા વરાછામાં ત્રીજા માળેથી નીચે પટકાતા યુવકનું મોત

સુરતઃ મૂળ પંચમહાલના વતની અને હાલ રાંદેર રોડ રામનગર સ્થિત ગોગા ચોક ખાતે ૩૬ વર્ષીય વિમલકુમાર જસવંતસિંહ બારીયા સેન્ટીંગ કામ કરી વતનમાં રહેતી પત્ની અને એક પુત્રનું ભરણપોષણ કરતો હતો. ગઈકાલે સવારે વિમલકુમાર મોટા વરાછા ગોપીન ગામ ખાતે આર્શીવાદ બંગલોઝમાં કામ કરતી વખતે ત્રીજા માળેથી નીચે પટકાયો હતો. જેથી ગંભીર ઇજાગ્રસ્ત હાલતમાં તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ બાદ સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

સુરતમાં શાળાઓની નજીક પાન-માવાના ગલ્લાનો રાફડો

શાળાની ફરતેનો 500 મીટર વિસ્તાર હવે નશામુક્ત ઝોન, સાઈન બોર્ડ મૂકવા પડશે

કેન્દ્રની ત્રણ વર્ષીય યોજનાના અમલ માટે શાળાઓને પોર્ટલ પર નોંધણી અને સ્વ-મૂલ્યાંકનની સૂચના

સુરતમાં નિયમોના ભંગ સામે આરોગ્ય વિભાગે અત્યાર સુધી શું કાર્યવાહી કરી?

સુરતઃ વિદ્યાર્થીઓને તમાકુ અને માદક દ્રવ્યોથી દૂર રાખવા કેન્દ્ર સરકારે 2026થી 2029ની નશામુક્ત વિદ્યાલય કાર્યયોજના અમલમાં મૂકી છે. શાળાઓની આસપાસ 500 મીટરનો વિસ્તાર નશામુક્ત ઝોન જાહેર કરી સાઇનબોર્ડ લગાવવાની સૂચના અપાઈ છે. જોકે, સુરતમાં અનેક શાળાઓની નજીક પાન-માવાની દુકાનો અને લારી-ગલ્લા ચાલતા હોવાની સ્થિતિ વચ્ચે આરોગ્ય તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

એક તરફ શાળાઓને નશામુક્ત જાહેર કરવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે, ત્યારે બીજી તરફ શાળાઓની આસપાસ તમાકુજન્ય પદાર્થોના વેચાણને રોકવા માટે અત્યાર સુધી કેટલી કાર્યવાહી થઈ છે તે જાણવું પણ જરૂરી બન્યું છે. કેન્દ્ર સરકારની 26 જૂન, 2026ના રોજ યોજાયેલી નાર્કો કોઓર્ડિનેશન સેન્ટર (NCORD)ની દસમી સર્વોચ્ચ સ્તરની બેઠક બાદ વિદ્યાર્થીઓમાં માદક દ્રવ્યોના દુરૂપયોગને અટકાવવા માટે આ યોજના તૈયાર કરવામાં આવી છે. આ અંતર્ગત સુરત જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ નશામુક્ત વિદ્યાલય (NMV) પોર્ટલ પર નોંધણી કરાવી ઓનલાઈન સ્વ-મૂલ્યાંકન પૂર્ણ કરવાનું રહેશે. શાળાની આસપાસના 500 મીટરના વિસ્તારને નશામુક્ત ઝોન જાહેર કરી જરૂરી સાઇનબોર્ડ લગાવવાનાં રહેશે.

સ્વ-ઘોષણા બાદ ભૌતિક ચકાસણી પણ થઈ શકશે

શાળાઓ પોર્ટલ પર નિર્ધારિત માપદંડો પૂર્ણ કરીને પોતાને નશામુક્ત જાહેર કરી શકશે. જોકે, વિભાગ દ્વારા સ્વ-ઘોષણાની ખરાઈ માટે શાળાઓની રેન્ડમ ભૌતિક ચકાસણી પણ થઈ શકે છે. આ સ્થિતિમાં શાળાઓની નોંધણી અને સ્વ-મૂલ્યાંકનની સાથે 500 મીટરની હદમાં તમાકુજન્ય પદાર્થોનું વેચાણ અટકાવવા તંત્રની વાસ્તવિક કામગીરી પણ મહત્ત્વની બનશે.

સણિયા હેમાદમાં ગેરકાયદે બાંધકામ હટાવવા જતાં મનપા ટીમનો વિરોધ

સોહમ સોસાયટીમાં માર્જિન કવર કરી બાંધકામ કરતાં ઇન્ડસ્ટ્રિયાલિસ્ટોએ ઓટલા પર ઊભા રહી ડિમોલિશન અટકાવ્યું

સુરતઃ સુરત મનપાના અધિકારીઓ માટે સણિયા હેમાદમાં ગેરકાયદે ઈન્ડસ્ટ્રીયલ બાંધકામો દૂર કરવાની કામગીરી જાણે સુડી વચ્ચે સોપારી જેવી બની ગઈ છે. ગઈકાલે ગેરકાયદે બાંધકામોના મુદ્દે તાપીભવન ખાતે હોબાળો થયા બાદ આજે વરાછા ઝોનની ટીમને પણ સ્થળ પર ઉગ્ર વિરોધનો સામનો કરવો પડ્યો હતો.

સણિયા હેમાદમાં સોહમ સોસાયટીમાં બે ગાળામાં માર્જિનની જગ્યા કવર કરીને બાંધકામ કરવામાં આવી રહ્યું હતું. માર્જિનમાં થયેલા આ ગેરકાયદે બાંધકામને દૂર કરવા વરાછા ઝોનની ટીમ સ્થળ પર પહોંચી હતી. જોકે, ડિમોલિશનની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં જ બાંધકામ કરનારા ઈન્ડસ્ટ્રીયાલિસ્ટોએ ઉગ્ર વિરોધ શરૂ કર્યો હતો. તેઓ ઓટલા પર ઊભા રહીને હોબાળો મચાવવા લાગ્યા હતા અને મનપાની ટીમને કાર્યવાહી કરતાં અટકાવી દીધી હતી. સ્થળ પર સર્જાયેલી વિરોધની સ્થિતિને પગલે ડિમોલિશનની કામગીરી થઈ શકી નહોતી અને વરાછા ઝોનની ટીમે ખાલી હાથે પરત ફરવું પડ્યું હતું.

આ ઘટનાને પગલે વરાછા ઝોન દ્વારા હવે પોલીસ બંદોબસ્ત મેળવવા માટે અરજી કરવામાં આવી છે. પોલીસ બંદોબસ્ત સાથે ફરી સ્થળ પર જઈને ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. જોકે, ગેરકાયદે બાંધકામો દૂર કરવાની કામગીરી ક્યારે હાથ ધરાશે તે અંગે સત્તાવાર સમયપત્રકની વિગતો સામે આવી નથી.

વરાછા બેંકના ડિફોલ્ટરને ચેક રિટર્ન કેસમાં ૨ વર્ષની સજા

સુરતઃ વરાછા બેંકમાંથી આરોપી અજય ચુડાસમા (રહે., ડભોલી)એ ધંધાકીય જરૂરિયાત માટે ૧ લાખની ઈ-શ્રમ ધિરાણ લોન લીધી હતી. લોનની ભરપાઈમાં અનિયમિતતા જણાતા બેંકે બાકી લેણી રકમ રૂપિયા ૮૨,૯૯૬નો ચેક મેળવ્યો હતો. જે ચેક રિટર્ન થતાં બેન્કે એડવોકેટ રમેશ વી. સાનેપરા મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. જેની સુનાવણી પુર્ણ થયા બાદ કોર્ટે આરોપી અજય ચુડાસમાને ૨ વર્ષની સાદી કેદની સજા ફટકારી ચેકની બાકી રકમ રૂપિયા ૫૨,૯૫૬નો દંડ કર્યો હતો.

20 વર્ષ પહેલાંનોપોલીસ વેલફેર ફંડ ઉચાપત કેસ પુરવાર જ નહીં થયો

સુરતઃ પોલીસ કમિશનર કચેરી ખાતે વેલ્ફેર ફંડ અને પોલીસ બેન્ડ ફંડની ઉચાપત કેસમાં ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે આરોપી કર્મચારીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

આરોપી મુખ્ય કારકુન વીરસીંગભાઈ ચૌધરી પર આરોપ હતો કે તેમણે તા. ૦૧/૦૮/૨૦૦૩ થી ૦૩/૦૫/૨૦૦૪ દરમિયાન સરકારી નાણાં પૈકી રૂ.૩૫,૬૦૦નો અંગત કામ માટે ઉપયોગ કરી ઉચાપત કરી હતી.

સુનાવણી દરમિયાન આરોપીને પોલીસ બેન્ડ ફંડ અને વેલફેર ફંડનો કાયદેસરનો ચાર્જ સોંપવામાં આવ્યો હોય તેવો કોઈ જ લેખિત હુકમ કે દસ્તાવેજ કોર્ટ સમક્ષ રજૂ કરી શકયા ન હતા તેમજ જે તે તિજોરી/કબાટની ચાવી બીજા કર્મચારી પાસે પણ રહેતી હતી. જેથી માત્ર આરોપીએ જ નાણાં વાપર્યા છે તેવું પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયું હતું. બચાવ પક્ષે એડવોકેટ એમ. આર. પાંડે, ચેતન પાંડે, પુલકિત શર્માએ સફળ રજૂઆત કરી હતી.

HDFC BANK HDFC Bank Ltd. કબજા નોટીસ

૨૦૧-૨૦૪, રીદ્ધી શોપર્સ, ઈમ્પીરીયલ સ્કવેરની સામે, અડાજણ-હજીરા રોડ, અડાજણ, સુરત-૩૯૫ ૦૦૯. ફોન: ૦૨૬૧-૪૧૪૧૨૧૨

આથી એચડીએફસી બેંક લીમીટેડ (અગાઉ એચડીએફસી લીમીટેડ જેનું તા.૧૭મી માર્ચ ૨૦૨૩ના રોજ માનનીય NCLT- મુંબઈ દ્વારા મંજૂર કરાયેલ એકીકરણ યોજના આધારે એચડીએફસી બેંક લિમિટેડ સાથેના જોડાણ થયા મુજબ) (એચડીએફસી) ના અધિકૃત અધિકારી હોવાથી સિકયુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (જે કાયદો)ના અને કલમ ૧૩ (૧૨)ના નિયમ ૩ અન્વયે મળેલી સત્તાની રૂએ તથા કલમ ૧૩(૨) હેઠળ કરજદારો/કાયદાકીય વારસદારો અને કાયદાકીય પ્રતિનીધીઓ લોનની બાકી પડતી લેણી જે નીચે મુજબ તેઓના નામ સામે જણાવેલ છે તે સહીત પુરેપુરી લોનની ભરપાઈ કરવા ૬૦ દિવસની ડીમાન્ડ નોટીસ પાઠવી હતી. તદ્ઉપરાંત લોનની ચૂકવણી/વસુલાતની તારીખ સુધી લાગુ પડતુ ભવિષ્યનું વ્યાજ,ઈન્સીડેન્સીયલ એકસપેન્સ, ખર્ચા/ચાર્જીસ વગેરે સહિતની રકમ ભરપાઈ કરવાની રહેશે.

ક્રમ નં.	કરજદારો/કાયદાકીય વારસદારો અને કાયદાકીય પ્રતિનીધીઓના નામ	તારીખના રોજ ચુકવવાના બાકી લેણા રૂા.	ડિમાન્ડ નોટિસની તારીખ	કબજાની તારીખ/ પ્રત્યક્ષ/સાંકેતિક	સ્થાવર મિલકત/તો સીકયોર્ડ એસેટસ્ નું વર્ણન.
૧.	શ્રી ભારવ ગોવિંદસિંહ (કરજદાર) ૨૦૪૦૯૪-૬૩૭૭૨૪૬૬, ૬૪૧૪૪૦૯૮૦, ૬૩૭૭૨૮૪૫૯, ૪૪૧૪૪૦૮૮૭	રૂા.૧૨,૨૦,૩૯૩/-, રૂા.૫,૯૨,૩૨૦/-, રૂા.૨૩,૫૩૯/-, રૂા.૬૧,૨૩૧/- જે ૩૧-ઓગષ્ટ -૨૦૨૫ ના રોજ	૦૧-ઓકટો-૨૦૨૫	૧૧/૧૦/૨૦૨૬ પ્રત્યક્ષ કબજો	ફલેટ-એ-૪૦૬-પ્લાન મુજબ-૪૦૨, યોયો માળ, લક્ષ્મી રેસીડેન્સી, ટાઇપ-એ, સર્વે નં.૪૬૬/૧,૫૦૭,૪૬૫/એ, બ્લોક ૪૬૫/એ, રામ પાર્ક પાસે, કામરેજ પોલીસ સ્ટેશનની પાછળ, ભગવતી રો હાઉસ, કામરેજ ચાર રસ્તા નજીક, કામરેજ, સુરત-૩૯૪૧૮૫.
૨.	શ્રી બોરસે રાજુભાઈ વિઠ્ઠલ(કરજદાર), શ્રીમતિ બોરસે સંગીતાબેન રાજુભાઈ (સહ-કરજદાર), શ્રી બોરસે સુનીલભાઈ (જામીનદાર) ૨૧૬૮૨૦-૬૫૫૦૨૬૭૬૩, ૬૪૮૬૭૫૩૮૨	રૂા.૭,૬૩,૭૫૩/-, રૂા.૧,૦૫,૦૦૩/- જે ૨૮-ફેબ્રુ.-૨૦૨૬ ના રોજ	૨૮-માર્ચ-૨૦૨૬	૧૧/૧૦/૨૦૨૬ પ્રત્યક્ષ કબજો	રો હાઉસ-એ-૨૪૫, દ્વારકેશ રેસીડેન્સી, સર્વે નં. ૩૧૨/૧, ૨૭૫/૧, બ્લોક નં. ૩૩૧/એ, કિચ્ના રેસીડેન્સી પાછળ, ઈકન હોમ્સ સામે, ગંગાધરા ચોકડી થી ટુંગી રોડ, ટુંડી, પલસાણા, સુરત-૩૯૪૩૧૦.
૩.	શ્રી ડુબે અમિત (કરજદાર), શ્રીમતિ ડુબે ઈન્દુ અમિત (સહ-કરજદાર) ૨૦૧૯૯૮-૬૫૮૦૦૨૩૮૯, ૬૫૫૮૫૩૩૪૮	રૂા.૭,૯૮,૦૧૧/-, રૂા.૬૬,૧૮૬/- જે ૩૧-જૂલાઈ -૨૦૨૫ નાં રોજ	૨૬-ઓગષ્ટ-૨૦૨૫	૧૧/૧૦/૨૦૨૬ પ્રત્યક્ષ કબજો	ફલેટ નં.-૧૦૫, પહેલો માળ, ફોરચ્યુન - ડીપી-નેનો-૨-આઈ, સર્વે નં. ૩૦૫/૨, ૩૦૬/૧, ૩૦૬/૨, કૃષિ સામે (ખેતી-વાડી) ફાર્મ, વાપી-કાચીગામ રોડ, દમણ-૩૬૬૨૧૦.
૪.	શ્રી પ્રભાત કુમાર (કરજદાર), શ્રીમતિ પૂજાદેવી (સહ-કરજદાર) ૨૧૧૪૮-૬૪૯૭૧૬૩૨૬,૬૪૯૧૯૮૯૬૯	રૂા.૯,૧૯,૪૧૮/-, જે તા.૩૧- ડિસે.-૨૦૨૫ ના રોજ	૨૭-જાન્યુ.-૨૦૨૬	૧૧/૧૦/૨૦૨૬ પ્રત્યક્ષ કબજો	ફલેટ નં.-૧૦૫, પહેલો માળ, ફોરચ્યુન - ડીપી-નેનો-૨-આઈ, સર્વે નં. ૩૦૫/૨, ૩૦૬/૧, ૩૦૬/૨, કૃષિ સામે (ખેતી-વાડી) ફાર્મ, વાપી-કાચીગામ રોડ, દમણ-૩૬૬૨૧૦.
૫.	શ્રી સોરઠીયા સંદિપ કનુભાઈ (કરજદાર), શ્રીમાણુકીયા ધર્મેશભાઈ બાઘાભાઈ (જામીનદાર) ૨૨૫૯૨૯-૬૭૮૭૭૮૨૭૯, ૬૭૯૮૨૨૨૪૧	રૂા.૧૫,૬૬,૦૩૧/-, રૂા.૨૬,૦૯૭/- જે ૩૧-મે-૨૦૨૬ ના રોજ	૦૮-જૂલાઈ-૨૦૨૬	૧૨/૧૦/૨૦૨૬ સાંકેતિક કબજો	ફલેટ-સી-૧૦૧, પહેલો માળ, ચિત્રકુટ રેસીડેન્સી, ટાઇપ- સી, સર્વે નં. ૧૨/૧, બ્લોક ૨, ભકિતપાર્ક પાસે, સૌરાષ્ટ્ર રેસીડેન્સી નજીક, ઓમ ટાઉનશીપ નજીક, પસોદરા, સુરત-૩૯૫૦૦૬.
૬.	શ્રી પરિહર મનોહરલાલ રૂપારામ (કરજદાર), શ્રીમતિ પરિહર શાંતી (સહ-કરજદાર), શ્રી પ્રવિણ કુમાર (સહ-કરજદાર) ૨૨૫૯૩-૬૮૫૧૩૨૩૮૧,૬૮૫૧૩૨	રૂા.૨૩,૦૬,૬૭૧/-, રૂા.૧૫,૭૬,૭૭૬/- જે ૩૧-મે-૨૦૨૬ ના રોજ	૨૯-જુન-૨૦૨૬	૧૨/૧૦/૨૦૨૬ સાંકેતિક કબજો	ફલેટ-બી/૧-૫૦૨, પ્લાન મુજબ-જી, પાંચમો માળ, સ્વર્ગ રેસીડેન્સી ૨- વિંગ એ૧ અને બી૧, પ્લોટ ફાઈનલ ૨૭/૭૫/૨, સર્વે નં. ૩૬૧, બ્લોક ૪૩૭, ટી.પી.એસ. નં. ૨૦, રંગાણી ફાર્મ, રાજ પેલેસ સામે, બાલ કૃષ્ણ સોસાયટી નજીક, પૂણાગામ, સુરત-૩૯૫૦૦૬.
૭.	શ્રી સવાણી કલ્પેશભાઈ માવજીભાઈ (કરજદાર), શ્રી સવાણી જયદીપ માવજીભાઈ (સહ-કરજદાર), શ્રી સવાણી માવજીભાઈ ધનજીભાઈ (સહ-કરજદાર), શ્રીમતિ સવાણી સંચિતાબેન માવજીભાઈ (સહ-કરજદાર) ૨૨૫૦૩૬-૬૪૭૪૫૪૩૦૪	રૂા.૨૧,૦૩,૪૫૯/- જે ૩૧-મે-૨૦૨૬ ના રોજ	૦૮-જૂલાઈ-૨૦૨૬	૧૨/૧૦/૨૦૨૬ સાંકેતિક કબજો	રો હાઉસ-૮૮, પટેલ પાર્ક સોસાયટી, સર્વે નં. ૯૭/૧, ૯૬/પી, બ્લોક ૧૬૬, ફાઈનલ પ્લોટ ૧૬૮/ (એ+બી), ટી.પી. ૬૮, સુવિધા રો-હાઉસ સામે, વ્રજભૂમિ વિભાગ-૨ નજીક, સીમાડા, વરાછા, સુરત-૩૯૫૦૦૬.
૮.	શ્રી આરીવાલા ચેતન રાજુભાઈ (કરજદાર), શ્રી આરીવાલા રાજુભાઈ જેકીશનદાસ (સહ-કરજદાર), ૨૨૫૯૨૧-૬૮૫૩૬૫૩૨૬,૬૮૩૬૫૫૭૦૦૮	રૂા.૪,૪૦,૭૫૫/-, રૂા.૨૩,૮૫૪/- જે ૩૧-મે-૨૦૨૬ ના રોજ	૦૮-જૂલાઈ-૨૦૨૬	૦૯/૧૦/૨૦૨૬ સાંકેતિક કબજો	ફલેટ-૫૦૩, પાંચમો માળ, સુમન મુદ્રા, વિંગ-બી, ઈડબલ્યુએસ-૪૮, ફાઈનલ પ્લોટ ૧૧૩, ટી.પી. ૧૬ (પાલ), ઈડબલ્યુએસ-ટાઈપ -૨, બાગબાન સર્કલ કેટરોસ કલબ નજીક, પાલ ગામ, સુરત-૩૯૫૦૦૯.

* કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ સદરહુ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ અને જાહેર જનતાને આ સાથે નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ ઓર્ડીનન્સ એકટની કલમ ૧૩(૪) ને સદરહુ નિયમોના નિયમ ૮ અન્વયે એચડીએફસી ના અધિકૃત અધિકારીને મળેલી સત્તાની રૂએ અહીં અત્રે ઉપર જણાવેલી મિલકતનો સાંકેતિક / પ્રત્યક્ષ કબજો લીધો છે.

આથી કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ અને જાહેર જનતાને જાહેર ચેતવણી આપવામાં આવે છે કે તેમણે સદરહુ સ્થાવર મિલકત / સલામત મિલકત બાબતમાં કોઈ વ્યવહાર કરવો નહી અને કોઈપણ વ્યવહાર એચડીએફસી ના બાકી પડતા લેણાં અને તેના પરના ભવિષ્યના વ્યાજ રકમની વસુલાતને પાત્ર રહેશે.

અહી કરજદાર/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ નું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ પંચનામાની કોપી અને સામગ્રીઓની યાદી નીચે સહી કરનાર અધિકૃત અધિકારી પાસે ઓફિસના કામકાજના દિવસો અને કામકાજના સમય દરમ્યાન મેળવી લેવા વિનંતી.

તારીખઃ ૦૯/૧૦/૨૦૨૬, ૧૧/૧૦/૨૦૨૬ અને ૧૨/૧૦/૨૦૨૬
સ્થળઃ સુરત.

એચડીએફસી બેંક લીમીટેડ વતી, અધિકૃત અધિકારી.

Regd. Office: HDFC Bank Ltd., HDFC Bank House, Senapati Bapat Marg, Lower Parel (West), Mumbai - 400 013. Corporate Identity No.: L65920MH1994PLC080618

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા Central Bank of India — ઘોડ દોડ રોડ શાખા : હરમૈન ગાર્ડન એપાર્ટમેન્ટ, મ્યુનિસિપલ સ્કુલની પાછળ, સુરત-૩૯૫૦૦૭.

પઝેશન નોટીસ

પરિશિષ્ઠ-૪, નિયમ ૮(૧) સરફેસી એક્ટ,૨૦૦૨ જુઓ

આથી, નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ઘોડ દોડ રોડ શાખા**ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૨) હેઠળ મળેલી સત્તા સાથે ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૦૨.૦૪.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા કરજદાર **મે. કે. એન. પેપર, ભાગીદારો - શ્રી નિમેશભાઈ જયસુખભાઈ તળાવિયા અને શ્રી કિશોરભાઈ સોમાભાઈ રાઠોડ** ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૮૪,૦૦,૨૭૦/- (રૂા. ચોયાંસી હજાર બસો સિત્તેર પુરા)** (તા. ૦૨.૦૪.૨૦૨૬ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૦૨.૦૪.૨૦૨૬ થી ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તા બેંકના સંપૂર્ણ લેણાની રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા, જામીનદાર તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા કલમ ૧૩ (૪) તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૧૨.૧૦.૨૦૨૬**ના રોજ નીચે જણાવેલ મિલકતનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા અને જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા** ના બાકી લેણા **રૂા.